સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૬–૦૩–૨૦૧૦ ના

રોજ મળીને મુલતવી રહેલી અને તા.૧૭–૦૩–૨૦૧૦ ના રોજ ફરી મળેલ

સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો છે. ઠરાવ નં. ૨૦૩ તારીખ ૧૯-૩-૧૦

................
................

મ્યુ. કમિશ્નરશ્રીના તા.૧૨–૦૩–૨૦૧૦ ના પત્ર નં. સીમીસ/૮/૪૦ થી વિદિત થઈ તેમજ સમિતિને સભામાં હાજર રહેલા ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૭(ડુમસ–ભીમપોર–ગવિયર)માં નીચે જણાવ્યા મુજબના સુધારાઓ / ફેરફાર કરવા અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭૭(ડુમસ–ભીમપોર–ગવિયર)ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ – ૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) સામેલ પાર્ટ પ્લાન –૨ મુજબ રીઝર્વેશન નં. આર–૩૯ને "વેજીટેબલ માર્કેટ" તરીકે તેમજ રીઝર્વેશન નં. આર–૩૮ને "SEWS" ના હેતુ માટે સ્થિત કરવું.

(૨) સામેલ પાર્ટ પ્લાન –૩ મુજબ રે.સ.નં. ૭૦૮ના ફા. પ્લોટ નં.: ૧૯૫ / એ ની પૂર્વ તેમજ ઉત્તરના ભાગે ૧૮.૦૦મી. નો રોડ કરી આનુસાંગિક ફેરફારો કરવા.

(૩) સામેલ પાર્ટ પ્લાન –૫ મુજબ રે.સ.નં.૫૬૪ના ફા. પ્લોટ નં.: ૧૩૨ને ઓ.પી.નં. ૨૦૦ની જગ્યામાં ફા. પ્લોટ ફાળવી આનુસાંગિક ફેરફાર કરી ફા. પ્લોટ નં.: ૧૩૨ની મૂળ જગ્યા "સબ સેન્ટર" માટે સ્થિત કરવી.

(૪) સામેલ પાર્ટ પ્લાન –૬ મુજબ રે.સ.નં. ૫૭૦, ૬૫૯ અને ૫૨૧ના ફા. પ્લોટ અનુક્રમે ૧૩૬, ૧૬૨ અને ૯૧ને રીઝર્વેશન નં. આર–૪૪ની પશ્ચિમ તરફે ૧૮.૦૦મી. ના રોડ ઉપર સ્થિત કરી ફા. પ્લોટ નં.: ૧૩૬ની મૂળ જગ્યામાં આનુસાંગિક ફેરફાર કરી રીઝર્વેશન નં. આર–૫ "સબ સેન્ટર"ના ક્ષેત્રફળમાં વધારો કરવો તેમજ ફા. પ્લોટ નં.: ૧૬૨ની મૂળ જગ્યાને રીઝર્વેશન નં. આર–૧૨ (વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર) માં આમેજ કરવી અને ફા. પ્લોટ નં.: ૯૧ની મૂળ જગ્યા "ઓપન સ્પેશ" તરીકેના રીઝર્વેશન હેઠળ સ્થિત કરવી.

(૫) સામેલ પાર્ટ પ્લાન –૭ મુજબ રે.સ.નં. ૪૭૨/૨, ૪૭૮, ૪૭૯, ૪૮૧ અને ૪૮૨ના ફા. પ્લોટ નંબર અનુક્રમે ૪૯, ૫૩, ૫૪, ૫૬ અને ૫૭ને રીઝર્વેશન નં. આર–૨૭ની પશ્ચિમ ભાગે ૧૮.૦૦મી.ના રોડ ઉપર ફાળવવી તેમજ રીઝર્વેશન આર–૨૬ અને આર–૨૭માં આનુસાંગિક ફેરફાર કરવા તેમજ ફા. પ્લોટ નં.: ૪૯, ૫૩, ૫૪, ૫૬ અને ૫૭ વાળી મૂળ જગ્યા રીઝર્વેશન નં. આર–૧૩ (SEWS) માં આમેજ કરી આનુસાંગિક કાર્યવાહી કરવી.

(૬) રે. સર્વે નં.૫૭૭ + ૫૭૮, ઓ.પી.નં. ૧૪૩ માં ૭% કપાત કરી ફા.પ્લોટ ફાળવવો.

(૭) રે.સર્વે નં.૬૬૫, ૪૨૫, ૪૨૬, ૪૨૭, ૭૩૩/૧, ૪૫૦, ૭૨૯, ૭૦૧/૨/૧/પૈકી વિગેરે વાળી ૨૮૪૧૫ ચો.મી. જમીન તથા રે.સર્વે નં. ૬૩૯, ૫૭૬, ૬૭૦ માં સૈધ્ધાંતિક મંજુરી આપેલ હોવાથી પ્લાન મુજબ બાંધકામને અસર ન થાય તે રીતે કપાત/રીઝર્વેશનમાં સુધારો કરવો તથા તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૮) રે. સર્વે નં.૭૦૦/૨, ૭૦૧/૧ પૈકી, ૭૦૧/૨/૨, ૭૦૨/પૈકી વાળી જમીનમાં અરજદારે નિયમાનુસાર પ્લાન રજુ કરેલ હોય તે ધ્યાને લઈ રજુ થયેલ પ્લાન મુજબ અસર ન થાય તે રીતે કપાત/રીઝર્વેશનમાં સુધારો કરવો તથા તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૯) આ સ્કીમ વિસ્તારમાં ૧૦૦૦ ચો.વાર(૮૩૬ ચો.મી.) થી નાના પ્લોટો જે રેકર્ડ પર નોંધાયા હોય તથા નિયમ અનુસાર સક્ષમ સત્તા ધ્વારા બિનખેતી થયેલ હોય તેવા કેસોમાં કપાત કરવી નહી.

<u>ઠરાવ નં.૧૩/ ૨૦૧૦ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા. ૫-૦૩-૨૦૧૦.